૫૯૨

આદર્શ નિવાસી શાળા ( કુમાર ) અને કન્યા રાપર માટે મંજૂર કરેલ મહેકમની મુદત વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૪૦૫/૫૯૩/ અ
સચિવાલય ગાંધીનગર.
તારીખઃ– ૧૨/૭/૨૦૦૫

<u>વંચાણમાં લીધાઃ</u>

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૭/૧૧/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃઅનશ/ ૧૦૯૯ /ન.બા.૩૭/ગ
(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૯/૩/૨૦૦૩ નો ઠરાવ ક્રમાંકઃઅનશ/ ૨૦૦૨/ન.બા.૧/ગ
(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૪/૭/૨૦૦૩ નો ઠરાવ ક્રમાંકઃઅનશ/ ૧૦૯૯/ન.બા.૩૭/ગ
(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧/૧૨/૨૦૦૩ નો ઠરાવ ક્રમાંકઃઅનશ/ ૨૦૦૩ / ન.બા.૨/ગ
(૫) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૮/૬/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃઅનશ/ ૨૦૦૩/ન.બા.૪/(૨૦૦૪)/ગ
(૬) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૯/૭/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃઅનશ/ ૧૦૯૯/(૨૦૦૪) ન.બા.૩૭ /ગ
(૭) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૬/૧૦/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃઅનશ/ ૧૫૯૭/૧૮૭૩/(પાર્ટ ફાઈલ)૭૨૦(૨૦૦૪)ગ
(૮) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૬/૬/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃઅનશ/ ૧૦૨૦૦૧/૨૬૨/ અ૧
(૯) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૬/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃઅનશ/ ૧૦૨૦૦૧/મ–૬૭/ અ૧

<u>ઠરાવ.</u>

આદિજાતિ વિકાસ વિભાગ ધ્વારા બીન આદિજાતિ વિસ્તારના અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર ઉંચુ લાવવાના હેતુથી કચ્છ જિલ્લાના રાપર ખાતે કુમાર તથા કન્યા આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવી હતી, કચ્છ જિલ્લામાં અનુસૂચિત જન જાતિમાં ગણાતી,વાઘરી, અને પારઘી,જાતિને

ભારત સરકારશ્રીએ અનુસૂચિત જનજાતિની યાદીમાંથી રદ કરતાં આદિજાતિ વિકાસ વિભાગ તરફથી કોળી, પારધી અને વાઘરી જાતિના વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ શૈક્ષણિક સુવિધાઓ નો લાભ આપી શકાય તેમ ના હોય આ આદર્શ નિવાસી શાળાઓ જે તે સ્થળે ચાલુ રાખી વિકસતી જાતિ કલ્યાણ ખાતાના નિયંત્રણ હેઠળ મૂકવામાં આવેલ.

રાપર ખાતેની આદર્શ નિવાસી શાળા કુમાર અને કન્યા માટે આ સાથેના પત્રકમાં જણાવ્યા પ્રમાણેનું મહેકમ મંજુર કરવામાં આવેલ હતું.જે આમુખમાં ક્રમાંક (૭) માં જણાવેલ તા.૧૬/૧૦/૨૦૦૪ ના ઠરાવ થી તા.૨૮/૨/૨૦૦૫ સુધી ચાલુ રાખવામાં આવ્યું હતું.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬/૬/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૨૦૦૧/૨૬૨/ અ–૧ થી આદર્શ નિવાસી શાળા (કુમાર) રાપરને જૂન ૨૦૦૫ થી ભચાઉ ખાતે શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે, તથા તા.૧૫/૬/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૨૦૦૧/મ.૬૭/અ–૧ થી આદર્શ નિવાસી શાળા (કન્યા) રાપરને આદર્શ નિવાસી(કુમાર) તરીકે તબદીલ કરીને રાપર(જિ.કચ્છ) થી પોરબંદર ખાતે સ્થળ ફેર કરવાની મંજૂરી આપવામાં આવી છે.ચાલુ શૈક્ષણિક વર્ષથી આ બંને આદર્શ નિવાસી શાળાઓ જે તે નકકી કરેલ સ્થળે શરૂ કરવાની હોવાથી આ બંને શાખાઓ માટે મંજૂર થયેલ મહેકમાની મુદત વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે મુજબ આ બંને આદર્શ નિવાસી શાળાઓ માટે આદિજાતિ વિકાસ વિભાગ તરફથી મંજૂર થયેલ આ સાથે રાખેલ પત્રક મુજબ મહેકમની મુદત તા.૨૮/૨/૨૦૦૬ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક–૯૨ અંદાજ પત્રના સદર ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ,અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ –૦૩ પછાત વર્ગોનું કલ્યાણ – ૨૭૭ શિક્ષણ.બીસીકે.૯૫ આદર્શ નિવાસી શાળાઓ હેઠળ ઉધારવાનો રહેશ.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાકની ફાઈલ ક્રમાંક પર નાણા સલાહકારની તા.૨૯/૬/૦૫ની નોંધની મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે

**ગુજરાતના રાજયપાલશ્રીના નામે અને તેમના હુકમથી**

-સહી-

**( શ્રીમતી એસ.આર.ભૂરીયા )**
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

**પ્રતિ,**

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય.ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ, રાજકોટ / અમદાવાદ.
- તિજોરી અધિકારીશ્રી, કચ્છ–ભૂજ,પોરબંદર.
- કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ,બીરસા મુંડા ભવન,ગાંધીનગર.
- આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. સચિવાલય,ગાંધીનગર.
  ' અ – ૧ ' શાખા, ામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઈલ.

RAJ-A-1-40-42

U95

ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૪૦૫/૫૯૩/અ.નું બીડાણ.

**પત્રક**

આદિજાતિ વિકાસ વિભાગના તા.૪/૭/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૯૯/ન.બા.૯/અ,થી આદર્શ નિવાસી શાળા કુમાર અને આદર્શ નિવાસી શાળા કન્યા રાપરનું મંજુર થયેલ મહેકમ.

| | | આદર્શ નિવાસી શાળા કુમાર | | આદર્શ નિવાસી શાળા કન્યા | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | મદદનીશ શિક્ષક | ૫ * | ૪૦૦૦ ફીક્સ પગાર | ૨ | ૪૦૦૦ ફીક્સ પગાર |
| ૨ | કલાર્ક | ૧ | ૨૫૦૦ ફીક્સ પગાર | ૧ | ૨૫૦૦ ફીક્સ પગાર |
| ૩ | પટાવાળા | ૧ | ૧૫૦૦ ફીક્સ પગાર | ૧ | ૧૫૦૦ ફીક્સ પગાર |
| ૪ | રસોયા | ૧ | ૧૫૦૦ ફીક્સ પગાર | ૧ | ૧૫૦૦ ફીક્સ પગાર |
| ૫ | રસોડા નોકર | ૧ | ૧૫૦૦ ફીક્સ પગાર | ૧ | ૧૫૦૦ ફીક્સ પગાર |
| ૬ | વોર્ડન | ૧ | ૪૫૦૦ ફીક્સ પગાર | ૧ | ૪૫૦૦ ફીક્સ પગાર |
| ૭ | એકાઉન્ટન્ટ | ૧ | ૩૫૦૦ ફીક્સ પગાર | ૧ | ૩૫૦૦ ફીક્સ પગાર |
| ૮ | સીનીયર કલાર્ક | ૧ | ૨૫૦૦ ફીક્સ પગાર | ૧ | ૨૫૦૦ ફીક્સ પગાર |
| | કુલ | ૧૨ | | ૯ | |

* આદર્શ –નિવાસી શાળા રાપર કુમારમાં ધોરણ–૯ ના ક્રમિક વિકાસ માટે આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૯/૩/૦૩ ના ઠરાવ ક્રમાંકઃઅનશ/ ૨૦૦૨/ નબા.૧/ ગ થી મંજૂર કરેલ મદદનીશ શિક્ષકની ૨ જગ્યાઓ ધોરણ – ૧૦ ના ક્રમિક વિકાસ માટે આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૮/૬/૦૪ ના ઠરાવક્રમાંકઃઅનશ/૨૦૦૩/નબા.૪/૨૦૦૪/ ગ થી મદદનીશ શિક્ષકની ૧ જગ્યા મંજૂર કરેલ છે તેનો સમાવેશ થઈ જાય છે.

RAJ-A-1-43